# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-07-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Satursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં દેશના પ્રથમ સૌરઊર્જા સંચાલિત ઇલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન સહિત વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું.
2) મુખ્યમંત્રીએ ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટીના પહેલા પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રહિતમાં સર્વોચ્ચ યોગદાનનું આહ્વાન કર્યું
3) કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ભારતના અમૂલ્ય વારસા ગીરની મુલાકાત લેવા સૌને અપીલ કરી
4) રાજ્યના 128 તાલુકામાં આજે મધ્યમ વરસાદ-આવતીકાલે કચ્છ , મોરબી અને જામનગરમાં ભારે વરસાદની આગાહી
5) નેપાળમાં યોજાયેલી યુથ ઇન્ટરનૅશનલ સ્પર્ધામાં છોટાઉદેપુરના ખેલાડી ભરત રાઠવાએ સુવર્ણ ચંદ્રક મેળવ્યો.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM AMDAVAD LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , અમદાવાદ મહાનગરપાલિકાએ મોટા પાયે વૃક્ષારોપણ કરીને શહેરના લીલા આવરણમાં વધારો કરવાના પ્રશંસનીય પ્રયાસ કર્યા છે. મહાનગરપાલિકા દ્વારા "શહેરી વિકાસ વર્ષ 2025 " અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં આજે વિવિધ પહેલનો શુભારંભ કરાવતા શ્રી પટેલે આ વાત કહી. તેમણે શહેરોના ટકાઉ વિકાસ થકી વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવાનો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

શ્રી પટેલે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મૂન ટ્રેઈલ- ગ્લૉ ગાર્ડન અને દેશના પ્રથમ સૌરઊર્જા સંચાલિત ઑન-રૂટ ઇલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશનનું પણ લોકાર્પણ કર્યું.

. . . . . .

# CM MERITIME UNI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , ગુજરાત આજે વિશ્વના અનેક દેશ માટે ભારતના પશ્ચિમી કાંઠાનું પ્રવેશદ્વાર છે. મેરિટાઈમ ક્ષેત્રમાં તાલીમબદ્ધ વૈશ્વિક કક્ષાનું કાર્યદળ ગુજરાત મૅરિટાઈમ યુનિવર્સિટી થકી પૂરું પાડવાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રતિબદ્ધતા છે. ગાંધીનગરમાં આવેલી ગુજરાત મૅરિટાઈમ યુનિવર્સિટીના આજે યોજાયેલા પહેલા પદવીદાન સમારોહમાં શ્રી પટેલે આ વાત કહી. દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને રાષ્ટ્રહિતમાં સર્વોચ્ચ યોગદાન આપવા પણ અપીલ કરી.

દરમિયાન તેમણે વિદ્યાર્થીઓને તેમની ઉત્કૃષ્ટતા બદલ સુવર્ણ ચંદ્રક પણ એનાયત કર્યા. મુખ્યમંત્રીએ સંબોધનની શરૂઆતમાં મહાન ક્રાંતિવીર મંગલ પાંડેજીને યાદ કર્યા હતા.

. . . .

# SHIVRAJ SINGH JUNAGADH

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ  આજે જુનાગઢના પ્રવાસ દરમિયાન ગીરની મુલાકાત લીધી. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું , ગીરના અદભૂત જંગલમાં પ્રકૃતિનું અલૌકિક સૌંદર્ય નજીકથી જોવાની તેમને આજે તક મળી. ગીર એક જંગલ નહીં , પણ આપણી સંસ્કૃતિ , ગૌરવ અને પ્રકૃતિની સાથે આપણા સંબંધોનું જીવંત પ્રતિક છે. ગીરની સફારીમાં સરળતાથી જંગલના રાજા સિંહના દર્શન થાય છે તેમ ઉમેરતાં શ્રી ચૌહાણે સૌને ગીર આવવા પણ અપીલ કરી.

(BYTE: SHIVRAJ SINGH CHAUHAN, UNION MINISTER)

શ્રી ચૌહાણે  જુનાગઢના રાષ્ટ્રીય મગફળી સંશોધન કેન્દ્ર ખાતે  યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાના ખેડૂતો સાથે સંવાદ કર્યો. ઉપરાંત તેમણે સખી મંડળ-સ્વસહાય જૂથની મહિલાઓ , લખપતિ દીદી બહેનો સાથે પણ સંવાદ કરી તેમના યોગદાનની પ્રશંસા કરી.

. . . . . . .

# GRIT OFFICE LAUNCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , ગુજરાત રાજ્યને આગળ વધવાના આયોજનબદ્ધ મંતવ્ય માટે "ગ્રિટ" મહત્વની ભૂમિકા ભજવી શકે છે. ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય ઇન્સ્ટિ-ટ્યૂશન ફોર ટ્રાન્સ-ફર્મેશન એટલે કે , ગ્રિટની નવી કચેરીનું ઉદ્ઘાટન કરતાં શ્રી પટેલે આ વાત કહી. તેમણે કહ્યું , ગ્રિટની કાર્યપદ્ધતિ અને સફળતાપૂર્ણ વ્યૂહરચનાને પરિણામે ગુજરાત મોખરે રહેવા સજ્જ છે.

આ પ્રસંગે શ્રી પટેલે શરૂ કરાવેલી ગ્રિટની વેબસાઈટ પર ગ્રિટના લક્ષ્યાંકો અને અભિયાન, વહીવટી મંડળ અને ગ્રિટના કાર્યોની વિગત , નીતિવિષયક પત્ર, સંશોધન અહેવાલ સહિત વિવિધ પરિયોજનાની વિગત ઉપલબ્ધ કરાવાશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યની વિકાસ વ્યૂહરચનાઓના નેતૃત્વ માટે થીંક ટેન્ક એટલે કે, નિષ્ણાતોના જૂથ તરીકે કાર્ય કરવાના હેતુસર ગ્રિટની રચના કરવામાં આવી છે.

. . . . . .

# WEATHER UPDATE

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરી છે. ત્યારે આવતીકાલે કચ્છ , મોરબી અને જામનગર જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. દરમિયાન માછીમારોને 22 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, IMD AMDAVAD)

દરમિયાન રાજ્યમાં ફરી વરસાદનું જોર વધ્યું છે. આજે સાંજે છ વાગ્યા સુધીમાં 128 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. સૌથી વધુ સવા ચાર ઈંચ જેટલો વરસાદ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ સવા એકાવન ટકા વરસાદ થયો છે.

. . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# RAIN DISTRICTS

રાજ્યમાં આજે વિવિધ જિલ્લામાં વરસાદ વરસ્યો છે. તાપીના અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે , વિરામ બાદ આજે સવારથી વ્યારા , વાલોડ, ડોલવણ પંથકમાં છૂટાછવાયા સ્થળ પર વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી. રોપણી પૂર્ણ કર્યા બાદ વરસાદની રાહ જોતા ખેડૂતોમાં આજથી શરૂ થયેલા વરસાદને લઈ નવી આશા બંધાઈ છે.

નવસારીના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે , ચિખલી અને વાંસદાને બાદ કરતા સમગ્ર જિલ્લામાં આજે વરસાદ નોંધાયો. આ સાથે જ જિલ્લાનું મહત્તમ તાપમાન એક ડિગ્રીના ઘટાડા સાથે 31 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે.

. . . . . .

# CHHOTA UDEPUR GOLD MEDAL

છોટાઉદેપુર જિલ્લાના ખેલાડી ભરત રાઠવાએ ભાલાફેંકની આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે, વનાર ગામના વતની આ ખેલાડીએ નેપાળમાં યોજાયેલી યુથ ઇન્ટરનેશનલ સ્પર્ધામાં આ સિદ્ધિ હાંસલ કરી છે. આ અંગે સુવર્ણ ચંદ્રક વિજેતા ભરત રાઠવાએ વધુ માહિતી આપી.

(BYTE: BHARAT RATHVA, GOLD MEDAL WINNER PLAYER)

. . . . . . .

# NAVSARI KANU DESAI

નાણામંત્રી અને નવસારી જિલ્લાના પ્રભારી મંત્રી કનુ દેસાઈએ આજે નવસારીમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે જિલ્લાની વર્તમાન સ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજી. તેમણે લોકોની રજૂઆતોનું તાત્કાલિક નિવારણ લાવવા અને તેમને અવગડ ન પડે તે દિશામાં કામ કરવા તાકીદ કરી.

શ્રી દેસાઈએ જરૂરિયાત હોય તેવા તમામ બ્રિજને તાત્કાલિક બંધ કરવા અને જરૂર જણાય તેવા બ્રિજનું સમારકામ કરાવવા સૂચના આપી. તેમજ ગુણવત્તાયુક્ત કામ ન કરનારી સંસ્થાઓને કામ ન સોંપવા પણ તેમણે અધિકારીઓને જણાવ્યું.

. . . . . . . . . .

# BRIDGE NIRIKSHAN

રાજ્યભરમાં ક્ષતિગ્રસ્ત માર્ગો અને બ્રિજનું સમારકામ ચાલી રહ્યું છે. ત્યારે પંચમહાલ જિલ્લાના પ્રભારી સચિવે ગોધરાના બે બ્રિજનું નિરીક્ષણ કર્યું. તેમણે ગોધરા ખાતેના ટીંબા દલવાડા માર્ગ પર આવેલા કુણ નદી પરના બ્રિજની મુલાકાત લઈ તેના મજબૂતીકરણનું કામનું નિરીક્ષણ કર્યું.

તો છોટાઉદેપુરમાં જિલ્લા પ્રભારી સચિવની અધ્યક્ષતામાં વરસાદ બાદ કરાયેલા કામ અંગેની સમીક્ષા બેઠક યોજાઈ. મહીસાગરના લુણાવાડા ખાતે પ્રભારી સચિવની અધ્યક્ષતામાં માર્ગ, પુલ અને જર્જરિત ઈમારતની સમીક્ષા બેઠક યોજાઈ.

. . . . . . . . . .

# SANKALAN SAMITI BETHAK

રાજ્યનાં વિવિધ જિલ્લામાં આજે ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ.

રાજકોટમાં કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં તેમણે દરેક વિભાગને લોકોનાં કલ્યાણને ધ્યાનમાં રાખીને કામ કરવા સૂચન કર્યું.

પંચમહાલના ગોધરા ખાતે યોજાયેલી બેઠકમાં કલેક્ટર અજય દહિયાએ પ્રોપર્ટી કાર્ડ , મનરેગા, આવાસ યોજના , પાણી પૂરવઠા , વીજકાપ, નવા વીજ જોડાણ સહિતના પ્રશ્નોના નિવારણ અંગે કાર્યવાહી કરવા સૂચનો કર્યા.

તાપીમાં કલેક્ટર ડૉ. વિપિન ગર્ગની અધ્યક્ષતામાં નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ. તેમાં તાલુકા અને ગ્રામ્યકક્ષાની તકેદારી સમિતિની બેઠક, વાજબી ભાવની દુકાન રેશન કાર્ડ અને તેના ઈ-કેવાયસી જેવા મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી.

તો બનાસકાંઠામાં કલેકટર મિહિર પટેલ અને અમદાવાદમાં કલેક્ટર સુજીત કુમારની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ. શ્રી કુમારે અધિકારીઓને ઈમારતો સહિતના માળખાની ચકાસણી કરી તેનો અહેવાલ આપવા પણ તાકીદ કરી હતી.

નર્મદામાં જિલ્લા પ્રભારી મંત્રી ભિખુસિંહ પરમારની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં માર્ગો, આરોગ્ય અને શૈક્ષણિક માળખાં-મકાનોની સમીક્ષા કરવામાં આવી.

મહિસાગરમાં કલેક્ટર અર્પિત સાગરની અધ્યક્ષતામાં યોજાયેલી સંકલન અને ફરિયાદ સમીતિની બેઠકમાં વિવિધ વિભાગને પડતર અરજીઓ અંગે ચર્ચા થઈ.

. . . . . . .